સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે
<u>ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના.</u>

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**
પરિપત્ર ક્રમાંક:પગર/૧૦૦૯/૮૦/મ
સચિવાલય, ગાંધીનગર
તા.૩/૧૨/૨૦૦૯

**-: પરિપત્ર :-**

રાજય સરકારના કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા બાબતે નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ થી યોજના દાખલ કરવામાં આવી હતી. આ સંદર્ભમાં નાણા વિભાગ દ્વારા તા.૧૪/૯/૨૦૦૭ના ઠરાવથી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવી હતી. ત્યાર બાદ તા.૨/૭/૨૦૦૭ તથા તા.૧૪/૯/૨૦૦૭ના ઠરાવના અર્થઘટન બાબતે પ્રશ્નો ઉભા થતા નાણા વિભાગ દ્વારા તા.૧૨/૮/૨૦૦૮ તથા તા.૧૨/૮/૨૦૦૯ના પરિપત્રોથી કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવેલ હતી. ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા નાણા વિભાગના તા.૧૨/૮/૨૦૦૯ ના પરિપત્રની સ્પષ્ટતાઓને કારણે ખાતાકીય પરીક્ષા લક્ષી જોગવાઇઓનો આશય માર્યો જાય છે તેવી રજુઆત કરવામાં આવેલ હતી. તે બાબત ધ્યાને લઇને પુખ્ત વિચારણાને અંતે તા.૧૨/૮/૨૦૦૯નો પરિપત્ર આથી રદ કરવામાં આવે છે.

૨. વધુમાં, નાણા વિભાગના તા.૧૨/૮/૨૦૦૮ના પારા નં.(૧) માં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

“(૧) જે કર્મચારીઓએ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે અરજી કરેલ હશે તે કર્મચારીઓએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરી ન હોય તો પણ તેમને પાત્રતાની તારીખથી, નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની શરતે, બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહે છે. આથી દરેક વિભાગે બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ નિયમિત રીતે યોજાય તે જોવાનું રહેશે.”

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( પી.બી.દરજી )**
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

૦ માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા
સચિવાલય, ગાંધીનગર

o સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
o સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
o સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
o રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
o સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
o સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડા/ કચેરીના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઇ.) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ
સર્વે યુનિવર્સિટી/બોર્ડ/નિગમ/રાજય સરકારના જાહેર સાહસો
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર / વડોદરા
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ.
સર્વે માન્ય મંડળો.
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
સિલેકટ ફાઇલ, મ-શાખા.

----------

o પત્ર દ્વારા.